# અપના અડ્ડા પાસેની હત્યાના ૬ આરોપીઓ પકડાયા

## શહેરના પાદરે બુધવારે ખેલાયેલ ખુની ખેલ પ્રકરણે ગણતરીના કલાકોમાં ૬ આરોપીઓને પકડવામાં ઈન્ફોસિટી પોલીસને સફળતા

ગાંધીનગરના પાદરે બુધવારની વહેલી સવારે અપના અડ્ડા ટી સ્ટોલ પાસે ખેલાયેલા ખુની ખેલમાં ઈન્ફોસીટી પોલીસે ગણતરીના કલાકોમાં ૬ શખ્સોની ધરપકડ કરી લીધી છે. જયારે જયરાજસિંહ સોલંકી નામનો આરોપી હજુ ફરાર છે.

બુધવારની વહેલી સવારે બે જુથ વચ્ચે થયેલી મારામારીમાં રાંદેસણના યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દિવાળી પછીના દિવસોમાં ન્યું ગાંધીનગરના ઓળખ સમા કુડાસણના ભરચક વિસ્તારમાં એક યુવકની હત્યા થતા સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચી જવા પામી હતી. આ હત્યા કેસને ગંભીરતાથી લઈને રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ વિવિધ ટીમો બનાવી તપાસમાં કામે લગાવી હતી. જેમાં ઈન્ફોસીટી પોલીસ, એલસીબી અને એસઓજી સહિતની ટીમો આરોપીઓને દબોચી લેવા માટે વિવિધ દીશામાં કાર્યરત હતી. ત્યારે બાતમી મળી હતી કે આરોપીઓ રીંગ રોડ પર થઈને બોમ્બે તરફ ભાગી જવાના છે. જેને પગલે પોલીસે શુક્રવારના રોજ વૈષ્ણોદેવી સર્કલ થી એપોલો સર્કલ વચ્ચેથી પાંચ આરોપી પોલીસે પકડી પાડ્યા હતા. ત્યારબાદ અન્ય એક આરોપીને પણ પોલીસે દબોચી લીધો હતો. આરોપીઓ એક સ્થળે એકઠા થઈને ભાગી જવાની તૈયારીમાં હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે. પોલીસે પહેલા પકડેલા પાંચ આરોપીઓના કોરોના ટેસ્ટ કરાવ્યા પછી તમામની ધરપકડ કરી હતી. જયારે અન્ય એક આરોપીની કોરોના ટેસ્ટની પ્રક્રિયા શરુ કરાઈ છે. જયારે હુમલામાં સામેલ એક આરોપી હજુ ફરાર છે. જેની શોધખોળ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કુડાસણ અપના અડ્ડા ટી સ્ટોલ પાસે મૃતક કેતનસિંહ, ફરીયાદી દિપકસિંહ, ઘાયલ અભિમન્યું, તીર્થ ઠક્કર, સહિતના વ્યકિત બેઠા હતા. તે સમયે આરોપીઓ ત્રણ યુવતિઓ સાથે નજીકમાં બેઠા હતા. સવારે પાંચ વાગે આરોપીઓનું ગ્રુપ નીકળ્યું ગયુ હતું ત્યારે અભિમન્યુંસિંહ અને તીર્થ ઠકકર ગાડી લઈને યુવતિઓની પાછળ ગયા હતા. ત્યારે યુવતિઓને સારુ લગાડવા અને રોફ ઉભો કરવા માટે આરોપીઓએ વૈષ્ણોદેવી સર્કલથી કુડાસણ સુધી પીછો કર્યો હતો. ત્યારબાદ ગાંધીનગર આવી પહોંચેલા આરોપીઓમાં શકિતસિંહ ડોડીયાએ છરો, યશપાલસિંહે બેટ, શકિતસિંહ ચૌહાણ અને ચેતનસિંહે ધોકા વડે અભિમન્યુસિંહ ઉર્ફે રીષીને માર મારતા હતા. જેને પગલે મૃતક કેતનસિંહ સહિતના વ્યકિતઓ બચાવવા માટે વચ્ચે પડ્યા હતા. જેમાં તે હાથમાં આવી જતા શકિતએ છરાના ઘા માર્યા હતા. જયારે બીજા આરોપીઓએ લાતો અને ફેંટો મારી હતી. ત્યારબાદ તમામ આરોપીઓ ગાડીઓ લઈને જતા રહ્યા હતા.

### પકડાયેલા આરોપીઓ

- શકિતસિંહ ઘનશ્યામસિંહ ડોડીયા, રહે. મકાન નં.૧૫ શરણમ વિણા બંગ્લોઝ, સાણંદ
- શકિતસિંહ શૈલેન્દ્રસિંહ ચૌહાણ રહે. મકાન નં.૫૬ આલોક બંગ્લોઝ, સાણંદ
- ચેતનસિંહ હિંમતસિંહ વાઘેલા રહે. વાઘેલા ફળીયું, રજોડા ગામ બાવળા
- હાર્દિક બિજલભાઈ પરમાર રહે. મકાન નં.એફ-૩૦૩ શ્રીનંદનગર વિભાગ -૪ વેજલપુર
- પ્રણવ ભુપેન્દ્રભાઈ ગીલકર, રહે, મકાન નં.૮ શ્રીનંદનગર વિભાગ-૨ વેજલપુર
- યશપાલસિંહ કિરીટસિંહ વાળા રહે.જી.૨૪ પાર્વતીકુંડ નવા વેજલપુર



# રિન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનું પ્રદાન ૧૩ ટકા છે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભારત સરકારના ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય આયોજીત રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એકસપોની ત્રીજી આવૃત્તિમાં સહભાગી થતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, દેશની કુલ રિન્યુએબલ એનર્જીના ઉત્પાદનમાં ગુજરાત ૧૩ ટકા જેટલું મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેમણે જણાવ્યું કે, રાજ્યની કુલ ૩૦ ગીગાવોટ ક્ષમતામાં રિન્યુએબલ એનર્જીનો ૩૭ ટકા ફાળો એટલે કે ૧૧ ગીગાવોટ ઉત્પાદન છે. મુખ્યમંત્રીએ દેશમાં પુનઃપ્રાપ્ત ઊર્જાની વૃદ્ધિ અને વિકાસ માટે કાર્યશીલ રહેલા આ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલયના પરિણામદાયી પ્રયાસોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સતત માર્ગદર્શન મળતું રહે છે તેની સરાહના કરી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણી આ મીટમાં સંબોધન કરતાં એમ પણ જણાવ્યું કે, દેશની રિન્યુએબલ એનર્જી કેપેસિટી ૮૯,૨૩૦ મેગાવોટ છે તેની સામે ગુજરાતે ૧૧,૨૬૪ મેગાવોટ કેપેસિટીનું યોગદાન



આપેલું છે. વિજય રુપાણીએ જણાવ્યું કે, ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી સેકટર માત્ર ઊર્જા ઉત્પાદનના વિકલ્પના રૂપમાં નહિ, પરંતુ રોજગારી સર્જન માટે પણ એક મોટા સેકટર તરીકે ઊભરી આવ્યું છે. સૌર ઊર્જા પાર્ક, વિન્ડ પાર્ક દ્વારા ઉત્પાદન એકમોમાં રોજગારીની તકો ખૂલી છે તો સાથોસાથ નાગરિકો-લોકોને પણ સ્વચ્છ ઊર્જા ગ્રીન કલીન એનર્જી મળે તે માટે રાજ્યમાં સોલાર રૂફટોપ યોજના અન્વયે ૧ લાખ ૭૦ હજાર રહેણાંક મકાનોને સૌર ઊર્જા વપરાશનો લાભ મળ્યો છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, આત્મનિર્ભર ગુજરાત પેકેજ અંતર્ગત રેસીડેન્શીયલ રૂફટોપ યોજના 'સૂર્ય ગુજરાતઙ્ગનો ૬૫ હજાર લાભાર્થીઓને આપીને ૧૯૦ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. તેમણે કહ્યું કે, ગુજરાત હંમેશા ચુનૌતીઓના સમાધાનથી પ્રગતિનો પથ કંડારનારૂં રાજ્ય રહ્યું છે. રિન્યુએબલ એનર્જીના ઉપયોગમાં પણ જનભાગીદારી જોડવા સાથે સરળ નીતિઓથી આ એનર્જીને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ ઉત્પાદન એકમોને પણ પ્રોત્સાહન આપીને બેય માટે લાભકર્તા સ્થિતી ઊભી કરી છે.

# લગ્ન માટે પોલીસની મંજુરી નહીં લેવી પડે : પ્રદિપસિંહ

ગાંધીનગર, તા. ૨૭

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, રાજ્યમાં લગ્ન કે અન્ય કોઈ સત્કાર સમારંભ સંદર્ભે પોલીસ વિભાગની કોઈ મંજૂરીની આવશ્યકતા રહેતી નથી. સમારંભના સ્થળની ક્ષમતાની ૫૦ ટકાથી વધુ નહી, પરંતુ ૧૦૦ વ્યક્તિની મર્યાદામાં આયોજન કરવાનું રહશે.

કોરોનાના સંક્રમણને રોકવા માટે તમામ પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવું અનિવાર્ય છે. મંત્રી જાડેજાએ ઉમેર્યુ કે, રાજ્યના નાગરિકોને તેમના પ્રસંગો સુયોજીત રીતે યોજી શકે તે માટે રાજ્ય સરકારે જનહિતને ધ્યાને રાખીને તથા કોરોનાનું સંક્રમણ ફેલાય નહી તે માટે ચોક્કસ દિશા નિર્દેશો સાથે આવા સમારંભો યોજાય તે માટે ચોક્કસ માર્ગદર્શિકા નિયત કરાઈ છે. આવા પ્રસંગો દરમ્યાન વરઘોડા કે બેન્ડવાજા પર પ્રતિબંધ રહેશે. તેમજ સમારોહના આયોજન માટે સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનની કોઈ મંજૂરી મેળવવાની આવશ્યકતા રહેતી નથી. કેટલાક શહેરોમાં સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાત્રિ કરફ્યૂ અમલી બનાવાયો છે તેવા સ્થળોએ કોઈપણ પ્રસંગનું આયોજન કરફ્યૂના સમયગાળા દરમ્યાન કરી શકાશે નહી. તેમણે ઉમેર્યુ કે, લગ્નો કે સત્કાર સમારંભો યોજવામાં આવે ત્યારે કોવિડ-૧૯ સંદર્ભે જે માર્ગદર્શિકા અમલમાં છે તેનો નાગરિકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. સમારંભ દરમ્યાન ૬ ફૂટની દૂરી સાથેનું ફિઝીકલ સોશ્યલ ડીસ્ટન્સ, માસ્ક તથા સેનીટાઈઝર સહીતની વ્યવસ્થા કરવાની રહેશે.

# રાજ્યમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું

અમદાવાદ, તા. ૨૭

ઉત્તર ભારતમાં સતત વધી રહેલી ઠંડીની અસર વચ્ચે રાજ્યમાં પણ ઠંડીનો રંગ જામી રહ્યો છે. ગુરૂવારની સરખામણીએ શુક્રવારે રાજ્યના વિવિધ શહેરના લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થયો હતો. પવનની ગતી સામાન્ય કરતા વિશેષ રહેતા ઠંડીનો ચમકારો વર્તાયો હતો. શુક્રવારે પણ રાજ્યના મોટા ભાગના શહેરના લઘુત્તમ તાપમાન ૧૬થી ૧૮ ડિગ્રીની આસ-પાસ રહેતા લોકોએ મોડી રાત્રે અને વહેલી પરોઠે ઠંડીનો અહેસાસ કર્યો હતો.

કચ્છના નલિયા અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોને બાદ કરતા રાજ્યના મોટા ભાગનાં શહેરમાં ઠંડીમાં શુક્રવારે સામાન્ય ઘટાડો થયાથી લોકોને ઠંડીથી રાહત મળી છે. જો કે, હજુ વહેલી પરોઢે અને મોડી રાત્રી દરમિયાન ઠંડા વન ફુંકાવાની સાથે તાપમાનનો પારો ૧૬ ડિગ્રીની આસ પાસ રહેતા ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો છે. ત્યારે શુક્રવારે રાજકોટ ૧૪.૫ ડિગ્રી સાથે રાજ્યનુ સૌથી ઠંડું શહેર સાબિત થયું હતું. જ્યારે અમદાવાદના દિવસ અને રાત્રીના તાપમાનમાં ત્રણ ડિગ્રી જેટલો વધારો થતા દિવસે ઠંડી વર્તાઈ ન હતી.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના જાણીતા ટેક્ષ એડવોકેટ હરિશ ત્રિવેદી કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા
- પોલીસ અધિકારી પ્રવિણ વાલેરા કોરોનાથી સંક્રમિત થતાં હોય આઈસોલેટ થયા છે.
- નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર કે.બી. પટેલનું દુઃખદ અવસાન થયું છે.
- જૈન સમાજના અગ્રણી કેતન દેવાણીના માતૃશ્રી જશવંતીબેનનું દુઃખદ અવસાન થયુ છે.
- અસંગઠિત ક્ષેત્રના કામદારોને શોધી તેમને ઓળખપત્ર આપી સરકારી પોર્ટલ પર નોંધણી કરવાની માર્ગદર્શક સૂચનાઓ સરકાર દ્વારા જારી કરાઈ છે.
- કોરોના સંક્રમણના કેસો વધતા સચિવાલયના મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો.
- ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા દિપોત્સવી અંક પ્રકાશિત કરાયો છે.
- સ્વચ્છતા સર્વેક્ષણ સંદર્ભે મનપા દ્વારા યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓ માટે ૩૦મી નવેમ્બર સુધી તંત્ર દ્વારા એન્ટ્રી સ્વીકારવામાં આવશે.

## લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીના પત્નીનું અવસાન

જૂનાગઢ,તા.૨૭

ગુજરાતના ખ્યાતનામ લોકસાહિત્યકાર અને પદ્મશ્રી



એવોર્ડથી સન્માનિત ભીખુદાન ગઢવીની ધર્મપત્ની ગજરા બાનું ૬૯ વર્ષની વયે જૂનાગઢ ખાતે નિધન થયું છે. ભીખુદાનભાઈ ગઢવીની સફળતા પાછળ ગજરા બાનો સિંહફાળો રહ્યો છે. તેઓ ઘરનું સંચાલન કરતા હતા. ગજરા બાના નિધનથી ભીખુદાન ગઢવીના પરિવારમાં શોકનો માહોલ છે.

### ૧૬૦૭ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૩૮, વડોદરામાં ૧૨૭, રાજકોટ શહેર ૯૫, સુરત ગ્રામ્ય ૬૧, બનાસકાંઠા ૫૧, પાટણ ૪૯, રાજકોટ ગ્રામ્ય ૪૪, મહેસાણા ૪૩, વડોદરા ગ્રામ્ય ૪૦, આણંદ ૩૭, ગાંધીનગર ગ્રામ્ય ૩૫, જામનગર શહેર ૩૫, ખેડા ૩૫, ભરૂચ ૩૨, પંચમહાલ ૩૨, ગાંધીનગર શહેર ૩૧, અમદાવાદ ગ્રામ્ય ૨૮, સુરેન્દ્રનગર ૨૭ અને ભાવનગર શહેરમાં ૨૫ કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૨ લાખ ૫ હજાર ૧૧૬ કેસ નોંધાયા છે. રાજ્યમાં આજની તારીખે એક્ટિવ કેસોની સંખ્યા ૧૪૭૩૨ છે, જેમાં ૯૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં ૧ લાખ ૮૬ હજાર ૪૪૬ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૬૯,૨૮૩ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

### અમદાવાદ આવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે પીએમ મોદી અહીંથી જ રસી અંગે કોઈ મોટી જાહેરાત પણ કરી શકે છે. આ મામલે પ્રતિક્રિયા આપતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, પીએમ કોરોનાની રસીનું નિરીક્ષણ કરવા માટે ગુજરાત આવી રહ્યા છે. અહીંથી તેઓ પુનાની સીરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત પણ લેવાના છે. પીએમ દેશની ૧૩૦ કરોડની જનતાને કોરોનાથી બચાવવા માટે સતત નિર્ણયો લઈ રહ્યા છે.

હાલ રસીના નિર્માણનું કામ ચાલી રહ્યું છે ત્યારે આ કામના નિરીક્ષણ માટે તેઓ અહીં પધારી રહ્યા છે. ગુજરાત સરકાર પર સતત તેમના માર્ગદર્શન હેઠળ કામ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે ઝાયડસ હાલ કોરોનાની રસી તૈયાર કરી રહ્યું છે. આ રસી ઝાયકોવિ-ડી તરીકે ઓળખાશે. ઝાયડસની આ રસી અન્ય રસી કરતાં અલગ છે. ઝાયકોવિ-ડી પ્લાસ્મીડ ડીએનએ આધારિત રસી છે. હાલ આ રસીનું બીજા તબક્કાનું પરીક્ષણ ચાલી રહ્યું હોવાની માહિતી મળી છે.

### હોસ્પિટલમાં આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મીડિયા સાથેની વાતચીતમાં મ્યુનિસિપલ કમિશનર ઉદીત અગ્રવાલે જણાવ્યું હતું કે ઘટનાને પગલે મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ મારી સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી દ્વારા તપાસના આદેશ પણ આપી દેવામાં આવ્યા છે. જે કોઈ પણ આ ઘટના મામલે કસૂરવાર હશે તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. મીડિયા સાથેની વાતચીતમાં ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલ ના તબીબ ડૉ તેજસ કરમટા એ જણાવ્યું હતું કે, ગત સપ્ટેમ્બર માસમાં અમારી હોસ્પિટલને કોવિડ કેર શરૂ કરવાની પરવાનગી મળી હતી. અમારી હોસ્પિટલ પાસે ફાયર એનોસી સહિતના તમામ દસ્તાવેજી પુરાવાઓ છે. સમગ્ર આગજનીની જે ઘટના છે તે સીસીટીવીમાં કેદ થવા પામી છે. આઈસીયુમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગજની નો બનાવ બનવા પામ્યો છે.

### નિવાસે પહોંચ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે આપ સરકારે ખેડૂતોના આંદોલનને યોગ્ય ઠેરવ્યું છે. ગૃહમંત્રી સત્યેન્દ્ર જૈન તરફથી આવેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, અહિંસક રીતે આંદોલન કરી રહેલા ખેડૂતોને જેલમાં ના મોકલી શકાય. બીજી તરફ પંજાબના મુખ્યમંત્રી દ્વારા જારી કરેલા નિવેદનમાં કેપ્ટન અમરિંદર સિંહે કેન્દ્રને વિનંતી કરીને તાત્કાલિક ખેડૂતો સાથે વાત કરીને સ્થિતિને શાંત કરવાની કોશિશ કરવા જણાવ્યું છે. ગ્રીન લાઈન પર બ્રિગેડિયર હોશિયાર સિંહ, બહાદુરગઢ સિટી, પંડીત શ્રીરામ શર્મા, ટીકરી બોર્ડર, ટીકરી કલા અને ધેવરા મેટ્રો સ્ટેશન પરથી એન્ટ્રી અને એક્ઝિટ બંધ કરી દીધા છે.

# જીવ ગુમાવનારા વ્યક્તિઓના કુટુંબીજનોને ૪ લાખની સહાય

રાજકોટ, તા. ૨૭

શહેરના માલવિયાનગર વિસ્તારમાં આવેલી ઉદય શિવાનંદ કોવિડ હૉસ્પિટલમાં લાગેલી આગમાં ૬ લોકોનાં મોત થયા છે. આ મામલા પર રાજ્યના મુખ્યમંત્રીએ ગંભીર નોંધ લઈ તપાસના આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ તપાસના આદેશ આપવાની સાથોસાથ આગનો ભોગ બનેલા દર્દીઓના પરિવાર પ્રત્યે દુઃખ પણ વ્યક્ત કર્યું છે. મુખ્યમંત્રીએ આ ઘટનાની તપાસ માટે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ ના અધિક મુખ્ય સચિવ એ કે રાકેશને જવાબદારી સોંપી છે. આ ઉપરાંત, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આગ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પ્રત્યેક વ્યક્તિઓના વારસદારને ૪ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે.

### ૬૬ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવેલ છે. ગ્રામીણ વિસ્તારમાં અત્યાર સુધીમાં ૨૭૭૯ લોકો કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૨૨૬ એક્ટીવ કેસ છે જેમાં ૧૦૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આજે ૧૫૦૩૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૩૧ દર્દી મળી આવ્યા છે. જેમાં ૧૩ મહિલા દર્દી અને મોટી વયના દર્દીઓ મળી આવતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સે. ૪ માં ૪, સે. ૧૪ માં ૪, સે. ૨ માં ૩ તેમજ સે. ૨૪, સે. ૨૩, સે. ૨૫, સે. ૨૨, સે. ૮ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૫, ૩૦, ૨૬, ૨૯, ૧૩, ૧૭, ૨૭, ૧૨, ૨૦ તેમજ જીઈબીમાંથી પણ કેસ મળી આવેલ છે. સે. ૧૪ માંથી ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે અને તે વેન્ટીલેટર પર હોવાનું જાણવા મળેલ છે. આજે શહેરમાંથી ૪ દર્દીઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે. શહેરમાં ૨૧૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં ૨૬૮ એક્ટીવ કેસ છે. શહેરમાં ૩૦૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોન આજે છે તેમજ ૧૬ હજાર જેટલા લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. આજે સારવાર દરમ્યાન સે. ૨ ના એક દર્દીનું અવસાન થયાનું પણ જાણવા મળેલ છે. આ દર્દી કો.મોર્બિડ હોવાનું જાણવા મળેલ છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**જાહેર નિવિદા નં. એબી/ટીસી/૦૮, સને ૨૦૨૦-૨૧**

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પ લાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની જીલ્લા કક્ષાની પાણીની ગુણવત્તા ચકાસણીની પ્રયોગશાળાઓનું NABL Accrediation મેળવવાની પ્રાથમિક દરખાસ્તની કામગીરી પૂર્ણ કરવાના કામ માટે રસ ધરાવતા કન્સલટન્ટ પાસેથી સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા દ્વારા સીલબંધ કવરમાં ભાવો માગવામાં આવે છે. આપના ભાવો ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), સેક્ટર-૧૫, ગાંધીનગર, પીન કોડ ૩૮૨૦૧૬, ફોન નં. (૦૭૯) ૨૩૨૪૬૬૯૪ના સરનામા પર તા. ૧૦/૧૨/૨૦૨૦ના રોજ ૧૮:૦૦ કલાક પહેલા માત્ર RPAD કે SPEED POSTથી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. આ કામ અંગેની વિસ્તૃત વિગતો બોર્ડની વેબસાઈટ www.gwssb.gujarat.gov.in->CIRCULAR->TENDERS પર ઉપલબ્ધ છે. જે ડાઉનલોડ કરી અથવા કચેરીનો રૂબરૂ સંપર્ક કરી મેળવી ભાવો સાથે મોકલવાના રહેશે. વધુ માહિતી માટે કચેરીનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૩૬૨/૨૦૨૧

**મતદારયાદીની સુધારણા-૨૦૨૧**

૦૧-અબડાસા, ૬૧-લીંબડી, ૬૫-મોરબી, ૯૪-ધારી, ૧૦૬-ગઢડા (અજા) ૧૪૭-કરજણ, ૧૭૩-ડાંગ(અજજા) અને ૧૮૧-કપરાડા (અજજા) વિધાનસભા મતવિભાગ સિવાય.

*Electoral Literacy for Stronger Democracy*

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની અમૂલ્ય તક**

**તા.૨૯-૧૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૦૧-૦૧-૨૦૨૧ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે **નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)**માં અરજી કરવી, જેમાં આપના પાસપોર્ટ સાઈઝનો **કલર ફોટોગ્રાફ** નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે **નમૂના-૭** માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ, ફોટો તથા અન્ય વિગતો સુધારવા **નમૂના-૮** માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે **નમૂના-૮(ક)** માં અરજી કરવી.

- **ઉપર્યુકત નમૂના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/મામલતદાર કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાંજ આપી શકશો.**
- **ઉપરાંત ચૂંટણી પંચની વેબસાઇટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઇન અરજી પણ કરી શકશો.**

**તા.૨૯-૧૧-૨૦૨૦ (રવિવાર) ના રોજ ખાસ ઝુંબેશના દિવસે સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળે આ દિવસે પરત આપી શકશો**

**મતદારયાદીમાં નામ કેવી રીતે ચકાસી શકાય?**

- ચૂંટણી પંચની વેબસાઈટ www.voterportal.eci.gov.in, www.nvsp.in તથા www.ceo.gujarat.gov.in પર ઓનલાઈન
- ટોલ ફ્રી નંબર **૧૯૫૦** પર કચેરી સમય દરમ્યાન ફોન કરીને
- ચૂંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન **"VOTER HELPLINE"** દ્વારા
- મોબાઈલ થી ૧૯૫૦ નંબર ઉપર **ECI<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો, અને તે જ પ્રમાણે **ECICONTACT<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર** લખી SMS મોકલી આપવાથી આપના વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ હોવાની ખાત્રી કરી લો જેથી યથા સમયે ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે**

**મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત**